બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સના મંજૂર થયેલ ૧૮ હંગામી જગ્યાના મહેકમની મુદ્દત વધારવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/2944/CHH Section

સચિવાલય, ગાંધીનગર

તા. / /૨૦૨૫

03 FEB 2025

**<u>વંચાણે લીધા:</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૨૦/૫૪૫૮૫૧/છ તા.૦૫/૦૧/૨૦૨૨ , તા.૩૦/૦૪/૨૦૨૨

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/2944/CHH, તા.૧૮/૦૭/૨૦૨૩ અને તા.૨૩/૦૨/૨૦૨૪.

(૩)નિયામકશ્રી, સમાજ સુરક્ષાના તા.૧૪/૧૦/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: DSD/ETV/e-file/226/2024/0095/ Administrative Branch.

**<u>આમુખ:</u>**

વંચાણે લિધેલા ક્રમ (૧)થી રાજ્યમાં કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લિધેલા ક્રમ (૨) ના ઠરાવથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકના સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતેની મંજુર થયેલ કુલ ૫૧ જગ્યાઓ પૈકી ૧૮ હંગામી જગ્યાની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી લંબાવવાની મંજુરી મળેલ હતી. વંચાણે લિધેલા ક્રમ (૩)થી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ આ ત્રણ સંસ્થાઓની કુલ – ૫૧ જગ્યાઓની પૈકી કુલ – ૧૮ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી લંબાવવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલા ક્રમ (૧)થી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સની કુલ-૫૧ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ હતી, તે પૈકી ૧૮ હંગામી જગ્યાઓની મુદ્દત વધુ એક વર્ષ માટે તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી નીચે મુજબની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે. સમાજ સુરક્ષા ખાતાની હંગામી જગ્યાઓની ૧૮ જગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક નીચે મુજબ છે.

| સમાજ સુરક્ષા ખાતાની હંગામી જગ્યાઓની ૧૮ જગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંસ્થા/કચેરીનું નામ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલીજગ્યા | | |
| | | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

File No: SJED/MSM/e-file/17/2022/2944/CHH Section
Approved By: Deputy Secretary,CHH Section,SJED
***Open the document in Adobe Acrobat DC to verify the E-sign***

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી બોટાદ, અરવલ્લી | ઓફિસ ઈનચાર્જ/ (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યાર બાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨ | મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, જિ.ગાંધીનગર | ઓફિસ ઈનચાર્જ/ (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગાંધીનગર | જુ. કલાર્ક (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૪ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | M.B.B.S ડોક્ટર (પા.ટા./સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૫ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | એજ્યુકેટર(શિક્ષક) (પા.ટા./સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૬ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | આર્ટ એન્ડ ક્રાફ્ટ કમ મ્યુઝિક ટીચર (પા.ટા./સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૭ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | પી.ટી.કમ-યોગા ટીચર (પા.ટાઇમ /સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ૦ | ૦ |
| | કુલ | | - | ૧૮ | ૬ | ૧૨ | ૦ | ૦ |

શરતો:

1. એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા નાણા વિભાગ(કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી એબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.
2. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
3. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.
4. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
5. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.
7. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
10. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
11. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઈ મુજબ નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૦/૦૧/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ/બનાસકાંઠા/વલસાડ/ ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ – વિભાગની વેબસાઇટ પર અપલોડ વિનંતી સહ.

ignature Not Verified
ned by:Drashti Shah
ction Officer
te:2025.02.03
:20:06 +5:30